આગિયા ગામમાં હોળી પર્વમાં ધગધગતાં અંગારામાં ચાલવાની પરંપરા....

પાંડવ કાળથી ચાલી આવતી પરંપરાને આગળ ધપાવે છે ગામના શ્રદ્ધાળુઓ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

ખેડબ્રહ્મા તાલુકાના આગિયા ગામમાં દર વર્ષે હોળી દરમ્યાન ધગધગતાં અંગારામાં ખુલ્લા પગે ચાલવાની અનોખી પરંપરા દાયકાઓથી ચાલી આવે છે. આધુનિક વિજ્ઞાન યુગમાં પણ આ માન્યતા એક કોયડારૂપ છે. અંગારામાં ખુલ્લા પગે ચાલતાં શ્રદ્ધાળુઓના પગ જરા પણ દાજતાં નથી. ગત વર્ષે કોરોનાના કારણે ઉજવણી સીમીત શ્રદ્ધાળુઓની હાજરીમાં સંપન્ન થઈ હતી. પરંતુ આ વર્ષે કોરોનાનું સંક્રમણ ઘટતાં અને વ્યાપક છૂટછાટ પછી તા.૧૭, માર્ચે હોળીના દિવસે આગિયાના ગ્રામજનો હોળીના ધગધગતાં અંગારામાં ખુલ્લા પગે ચાલી પાંડવ કાળથી ચાલી આવતી પરંપરાને આગળ ધપાવવા તૈયાર થયા છે.



હોળી પર્વ આવે એટલે ઉત્તર ગુજરાતમાં તેની આગવી નામના જોવા મળે છે. હોળીના અંગારા ઉપર ચાલવાની દાયકાઓ જૂની પરંપરાને ગ્રામજનો અને વર્તમાન પેઢીએ જાળવી રાખી છે. આમ તો હાથમાં અંગારો પડે તો પણ ફોલ્લા પડી જાય છે પરંતુ અહીંયાં આસ્થા આગળ વિજ્ઞાન પણ ખોટું ઠરે છે. ગામના યુવાનો જણાવી રહ્યા છે કે અમારા ગામમાં પાંડવ કાળથી અંગારા ઉપર ચાલવાની પરંપરા અમે જાળવી રાખી છે. આ વર્ષે કોરોનાનું ગ્રહણ છે અને સંક્રમણ વધુ ન પ્રસરે તે માટે અન્ય કાર્યક્રમો સાદગીપૂર્વક ઉજવ્યા છે. તેઓ અંગારા ઉપર ચાલવાની પરંપરાને આગળ વધારતાં જણાવ્યું કે ગ્રામજનો, વૃદ્ધો હોળી માતાની પૂંજા કર્યા બાદ હોળીના સળગતા અંગારામાં ખુલ્લા પગે ચાલે છે. ખુલ્લા પગે ચાલવા છતાં કોઈને પણ પગમાં કોઈપણ પ્રકારની આજદિન સુધી ઈજા થઈ નથી. ભક્તોની શ્રદ્ધા અને આસ્થા વધતાં દર વર્ષે દૂર દૂરથી શ્રદ્ધાળુઓ આગિયા ગામની અનોખી હોળીને જોવા માટે આવે છે. હોળી પ્રગટાવ્યા પછી વાઘેલા વંશના પરિવારો હોળીની અંદર સળગતા વાંસ લઈને દોડતા આગિયા ગામથી દૂર દોઢ કી.મી.આવેલા જૂનીવાવના પાણીમાં સળગતો વાંસ ઠંડો કરે છે. હોળીની અંદર પણ તેના કારણે ઠંડક પ્રસરી જાય છે તેવી દંતકથા આજે પણ કાયમ છે. જય મહાકાળીના ગગનભેદી નારા સાથે ગ્રામજનો અને ભક્તો ખુલ્લા પગે હોળી માતાના ધગધગતા અંગારામાંથી પસાર થાય છે. જાણે અજાણી શક્તિ ભક્તોને મદદ કરતી હોય તેવું પણ અનુભવાય છે.

અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત

મોડાસાના સત્યમ વિદ્યાલય સંકુલમાં જૂન, ૨૦૨૨થી ઈંગ્લીશ મીડિયમ સ્કૂલ પ્રારંભ કરાશે...

કે.જી.૧,૨ થી ધો.૫ સુધીના અભ્યાસક્રમ પ્રથમ વર્ષથી જ ચાલુ કરાશે : ૧૧૦ થી વધુ ગામોના બાળકો અંગ્રેજી ભણશે

મોડાસા, તા. ૫

મોડાસા ખાતે આજરોજ અખિલ આંજણા કેળવણી મંડળની એક જનરલ સભા સત્યમ સ્કૂલ સંકુલમાં મંડળના આધ્યસ્થાપક ધારાશાસ્ત્રી હીરાભાઈ એસ.પટેલના સાન્નિધ્યમાં મળી હતી જેમાં સર્વાનુમતે નક્કી કર્યા મુજબ મોડાસાના સત્યમ વિદ્યાલય સંકુલમાં જૂન.૨૨થી ઈંગ્લીશ મીડિયમ સ્કૂલ શરૂ કરવામાં આવશે.જેમાં

પ્રથમ વર્ષે કે.જી.૧,૨ થી ધો.૫ સુધીના અભ્યાસક્રમ અંગ્રજી માધ્યમમાં ભણાવાશે. તે પછી ક્રમશ ધો.૧૨ સુધીનું શિક્ષણ અંગેજી મધ્યમમાં આપવામા આવશે.વિષયના તજજ્ઞશિક્ષકો દ્વારા અંગ્રેજી માધ્યમના બાળકોને ગુણવત્તા યુક્ત શિક્ષણ મળે એની ઉપર ખાસ ભાર મુકાશે.હાલ ઈંગ્લીશ મીડીયમના વર્ગો હા.સે.સ્કૂલના મકાનમાં બેસશે.વિસ્તારના ૧૧૦થી વધુ ગામોના બાળકોને આ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલનો લાભ મળશે

પ્રારંભમાં ખૂબ મોટી સંખ્યામાં સમાજના શ્રેષ્ઠીઓ, દાતાઓ, વિવિધ જાહેર જીવનની સંસ્થાઓના આગેવાનોનું સન્માન કરાયા પછી મંડળના આધ્યસ્થાપક ધારાશાસ્ત્રી

હીરાભાઈ એસ.પટેલે મંડળની સ્થાપના કાળથી આજસુધી વટવૃક્ષ બનેલી સંસ્થા માટે ,હોસ્ટેલ.માટે અને બિલ્ડીંગ માટે દાન આપનાર દાતાઓને યાદ કરી આભાર વ્યકત કરવામા આવ્યો હતો.મોડાસાનું આ શૈક્ષણિક સંકુલ આજે બાળકોથી ધમધમી રહ્યું છે અને સારા શિક્ષણને લઈ બાળકો અહીંથી વિદ્યાભ્યાસ કરી ઉંચી પદવી મેળવી સમાજનું નામ રોશન કર્યું છે ત્યારે ઈંગ્લીશ મીડિયમની ખૂટતી કડીને જોડવા આજે સમાજના આગેવાનોની જાહેર સભા કરીને આગામી જૂન.૨૨થી અંગ્રેજી માધ્યમની શાળા શરૂ કરવાની વાતનો પ્રસ્તાવ હીરાભાઈએ મુકતા સૌએ ઉમળકાભેર વધાવી લીધો હતો અને આ ઈંગ્લીશ મીડીયમના અદ્યતન નવા બિલ્ડીંગ માટે આજે અડધા કલાકમાં જ ૧૫ જેટલા દાતાઓએ રૂ.૧,૧૧,૦૦૦મુજબ દાન નોંધાવતા કુલ રૂ.૧૬,૬૫૦૦૦ ના દાનની જાહેરાતને ઉપસ્થિત સૌએ વધાવી લીધી હતી.આ સંકુલમાં ગેસ્ટ હાઉસ સહિતની સુવિધાઓ પણ ઉભી કરાશે.

આ પ્રસંગે મંડળના પ્રમુખ ધારાશાસ્ત્રી ગોરધનભાઈ એમ.પટેલ,આર.જે.પટેલ સત્યમ વિદ્યાલયના ચેરમેન ભાનુંભાઈ પટેલ,જાણીતા સ્ટ્રક્ચર એન્જિનિયર અમદાવાદ પંકજભાઈ પટેલ,સંઘના અધ્યક્ષ અને સત્યમ સંકુલના સંસ્થાના નવ નિયુક્ત મીડિયા સેલના કન્વીનર પ્રભુદાસભાઈ પટેલ સહિત સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમનું સંચાલન ચીમનભાઈ પટેલે કર્યું હતું.

જન્મદિને વધામણી

હિમાંશુ હીરાભાઈ પટેલ
આકરુંદ તા. ધનસુરા

વિનોદભાઈ ધનજીભાઈ પટેલ
કાશીપુરા કંપા તા ધનસુરા



મુકેશભાઈ પટેલ
ધનસુરા જીલ્લો અરવલ્લી

મહેન્દ્રભાઈ પટેલ
ધનસુરા જીલ્લો અરવલ્લી



યશવંતભાઈ પટેલ
પત્રકાર
સાયરા તા મોડાસા

કપિલાબેન અશોકભાઈ પટેલ
આકરુન્દ તાલુકો ધનસુરા

ભારતીય જનતા કિશાન મોરચા પ્રાંતિજ-તલોદ શહેર દ્વારા નમો કિસાન પંચાયતનું આયોજન

પ્રાંતિજ તા.૫

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ઉમિયા ધામ ખાતે નમો કિસાન પંચાયત પ્રાંતિજ-તલોદ શહેર દ્વારા નમો કિસાન પંચાયત ની બેઠક યોજાઈ જેમા ભારતીય જનતા પાર્ટી કિશાન સંગઠન ના હોદેદારો સહકારી આગેવાનો તેમજ પાર્ટી ના વિવિધ સંગઠનો ના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. પ્રાંતિજ-તલોદ ભારતીય જનતા કિશાન મોરચા દ્વારા પ્રાંતિજ ઉમિયાધામ ખાતે નમો કિસાન પંચાયતનું આયોજન કરવામાં આવેલ જેમાઆ તબબકે સરકાર દ્વારા કિશાનો માટેની વિવિધ યોજનાઓ કૃષિક્ષેત્રે સરકારની ધરતીપુત્રોના હિતલક્ષી નીતિઓ બાબતે પરામર્શ કરી ખેડૂતો પાસેથી કૃષિક્ષેત્ર મુદ્દે તેમના સૂચનો મેળવવામાં આવેલ આ તબક્કે કેન્દ્ર તથા રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ વિષે જાણવા તથા પોતાના મંતવ્યો રજૂ કરવા વિશાલ સંખ્યામાં કિશાનો નમો કિશાન પંચાયત માં હાજર રહ્યા હતા તથા સભા સ્થળ કિશન બંધુઓથી ભરાય ગયો હતો અને ખૂબ ઉત્સાહપૂર્વક કિશન બંધુઓ આ પંચાયતમાં હાજર રહ્યા હતા તથા ઉપસ્થિત કિશાનભાઈઓ દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીના કૃષિનીતિ તથા ગુજરાત રાજ્ય સરકારની વિવિધ કૃષિ યોજનાઓની સરાહના કરવામાં આવેલ તો નમો કિસાન પંચાયત કાર્યક્રમ મા ગુજરાત પ્રદેશ ના કિશાન મોરચા ના

મહામંત્રી સરદારભાઈ ચૌધરી , સાસંદ દિપસિંહ રાઠોડ , મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર , પૂર્વ મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર , સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ બેંક ના ચેરમેન મહેશભાઈ પટેલ, જિલ્લા પ્રમુખ જે.ડી.પટેલ , તાલુકા પ્રમુખ રાજુભાઈ પટેલ , બળવતભાઈ પટેલ , સહિત પાર્ટી ના આગેવાનો કાર્યકરો મોટી સંખ્યામા ઉપસ્થિત રહ્યા હતા તો તાલુકા પ્રમુખ નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ દ્વારા કાર્યક્રમ નુ સંચાલન કરવામા આવ્યુ હતુ.

ડીસાની ગૌશાળામાં ગૌ-સેવાના લાભાર્થે ગૌ-કથાનું દિવ્ય આયોજન

ડીસા, તા. ૫

ડીસા શહેરમાં આવેલી શ્રી શાસ્ત્રીજી મહારાજ ગૌશાળામાં ગૌ સેવાના લાભાર્થે અને ગૌશાળાના વિકાસ કાજે આગામી ૧૧ મી માર્ચથી શરૂ થનારી પંચદિવસીય ગૌ કથા નિમિત્તે આજે લાટી બજારમાં આવેલી ગૌશાળામાં પત્રકાર પરિષદ રાખવામાં આવી હતી જેમાં આજે મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી આનંદ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા બાદમાં ગૌશાળા દ્વારા સ્વરૂચી ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં ભાવિકો અને પત્રકાર મિત્રોએ ભોજન પ્રસાદનો લાભ લીધો હતો ત્યારબાદ ગૌશાળા દ્વારા પત્રકાર પરિષદમાં ભગવાનભાઈ બંધુએ? ગૌ કથા નિમિત્તે બહોળા પ્રમાણમાં પ્રચાર પ્રસાર થાય અને હિન્દુ ધર્મમાં પવિત્ર ગણાતી ગૌ માતા પ્રત્યે આસ્થા બની રહે તે માટે કવરેજ કરવા આહવાન કર્યું હતું .ત્યારબાદ હાજર તમામ પત્રકાર મિત્રોને ગૌ માતાની મૂર્તિ ભેટમાં આપી હતી.

વધુમાં ઉલ્લેખનીય છે કે આગામી ૧૧ મી માર્ચથી શરૂ થનારી પંચદિવસીય ગૌ સેવાના લાભાર્થે યોજાનારી ગૌ કથા નિમિત્તે સૌ પ્રથમ સાંઈ બાબા મંદિરથી ડી.જે. ના તાલે નાચતા ગાતા ૧૫૦ થી વધુ ?બહેનો દ્વારા કળશ યાત્રા નિકાળવામાં આવશે જેમાં ગૌ કથાના વક્તા તરીકે પ.પુ.શ્રધ્ધા ગોપાલ દીદીના શ્રી મુખેથી ગૌ કથાનું રસપાન થશે ત્યારે ડીસા શહેરના આંગણે પ્રથમ વખત યોજાનાર ગૌ મહોત્સવ કથા નિમિત્તે ઉપસ્થિત રહેવા ભરતભાઈ ઠક્કર, શશીકાંતભાઈ ડી. ઠક્કર, મહેશભાઈ ઉડેચા, આર.ડી.ઠકકર, અજયભાઈ માળી દ્વારા ડીસાના નગરજનોને અને ગૌભકતોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા અનુરોધ કરાયો છે.

જળસંકટનું સમાધાન

બ.કાં.માં વાસણી કુંભલમેર ચંડીસર કુશકલ થઈને બાંટાવાડામાં આઉટપોઈન્ટનું સર્વે મંજુર

૨૦૧૭માં સર્વેની જાહેરાત બાદ 3-3 સર્વેના અંતે ૫ વર્ષે આંશિક સફળતા..! : ૧૫૪૦ કરોડના ખર્ચે પાટણ બ.કાના ૧૫૫ ગામોના ૨૯૬ તળાવો ભરાશે : ૭૫૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ થશે : ૨ પેકેજમાં પ્રોજેક્ટ રિપોર્ટ સબમિટ કરાયો

પાલનપુર તા.૫

પાટણ અને બનાસકાંઠા જિલ્લાના સિંચાઈના પાણીની મુશ્કેલી અનુભવતા ગામોને જળસંકટમાંથી રાહત આપવા ૨૦૧૭માં સર્વેની જાહેરાત બાદ ૩-૩ સર્વેના અંતે ૫ વર્ષે આંશિક સફળતા મળી છે. વિધાનસભા ચૂંટણી નજીક હોવાથી સરકારે ૧૫૪૦ કરોડની મહત્વકાંક્ષી યોજનાની બજેટમાં લોભામણી જાહેરાત કરીછે.જેમાં ૧૫૫ ગામોના ૨૯૬ તળાવ ભરવાના થશે અને આ કામ બેતબક્કે પૂર્ણ કરવામાં આવશે. જેમાં પેકેજ ૧ માં ૭૩ ગામોના ૧૪૮ તળાવો જેનું અંદાજિત ખર્ચ ૮૦૨ કરોડ અને પેકેજ - ૨ માં ૩૯ ગામોના ૧૦૪ તળાવો નું કુલ અંદાજિત ખર્ચ ૧૪૩૨ કરોડ જેટલો છે. જયારે પાઈપલાઈન સાથે ૧૫૪૦ કરોડનો ખર્ચ અંગેનો રિપોર્ટ સરકારમાં બનાવવમાં આવ્યો છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,ગુજરાત સરકાર દ્વારા સુજલામ સુફલામ યોજના હેઠળ આપણા વિસ્તારમાં તળાવ ભરવા માટે ૨૦૧૭માં સર્વેની જાહેરાત કરી હતી અને તે પછી

૨૦૧૮માં લાઈન મંજુર થઈ તે પ્રમાણે પાલનપુર તાલુકાના મોટા, મડાણા, ડાગીયા થઈને રામપુરાની બાજુમાં બાલારામ નદીમાં આઉટપુટ આપવાનો મંજૂર થયું હતો.અને તેનું ટેન્ડર પણ પડી ગયું હતું જેમાં ૩૦ ગામોના ૮૯ તળાવને આ લાભ મળવા પાત્ર હતો. ૨૦૧૯માં આગેવાનોની રજૂઆત ને કારણે આ લાઈન પેન્ડિંગ રાખી ને ૨૦૨૦માં ફરીથી સર્વે કરાવવાનું મંજુર કર્યું પરંતુ કોરોનાને કારણે કામ અટકી ગયું. કોરોનાની બીજી લહેર પછી સર્વેનું કામ શરુ થયું અને એપ્રિલ ૨૦૨૧માં કસરા-બાંટાવાડા પાઈપલાઈન માટે અલગ અલગ ત્રણ સર્વે થયાં અને તેમાંથી બનાસકાંઠામાં વાસણી - કુંભલમેર- ચંડીસર-કુશકલ થઈને બાંટાવાડામાં આઉટપોઈન્ટનું સર્વે મંજુર થયુ છે જેમાં વાસણી અને કુશકલમાં પંપીંગ સ્ટેશન બનશે. કસરા દાંતીવાડા પાઈપલાઈન પ્રોજેક્ટ અંગેની વિગતો આપતા સુજલામ સુફલામ વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ બે પેકેજમાં હાથ ધરાશે. જેમાં પાઈપલાઈન, પંપીંગ સ્ટેશન, નેટવર્ક, ફિડર લાઈન વગેરેની કામગીરી હાથ ધરવામાં આવશે.

શ્રી ઓધવ વિદ્યામંદિર ધનસુરા ખાતે ક્વિઝ કોમ્પિટિશનનું આયોજન

ધનસુરા, તા. ૫

ધનસુરા ઓધવ વિદ્યામંદિરમાં કલ્ચરલ એક્ટિવિટી સી.એ ના તાસમાં બાળકોમાં પુસ્તકીય જ્ઞાન સાથે વિશેષ જ્ઞાનમાં વધારો થાય તે હેતુથી ક્વિઝ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોને સરદાર પટેલ, સુભાષચંદ્ર બોઝ (નેતાજી), કવિ કલાપી અને ભગતસિંહ જેવા ગ્રૂપમાં વહેંચવામાં આવ્યા હતા. તેમાંથી સુભાષચંદ્ર બોઝ (નેતાજી) નામના ગ્રૂપનો વિજય થયો હતો. જેમાં ભાગ લેનાર બાળકો પટેલ સાન્વી ધો.૬,સોની હરિતા ધો. ૬,પટેલ આંશી ધો.૭,રાઠોડ વિહાર ધો.૭,પટેલ ધ્યાની

ધો.૮,પટેલ વિશ્વા ધો.૮,અને તૈલી નિશા ધો.૯ હતા.આ વિજયી બાળકોને શાળાની શિક્ષણ સમિતિ દ્વારા પ્રમાણપત્રો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. અને શિક્ષણ સમિતિ દ્વારા શાળાની આ પ્રવૃત્તિ કરાવનાર શિક્ષકો અને શાળાના આચાર્યશ્રી જીજ્ઞેશભાઈ અને મિતેશભાઈ ને અભિનંદન પાઠવ્યા હતા.

જિલ્લાના બે પદાધિકારીઓ માશૂકાને મળવા જતા માર પડ્યો

પાપ ઢાંકવા રસ્તામાં માર્ગ અકસ્માત નડ્યાનું બહાણું બનાવ્યું

હિંમતનગર , તા.૦૫

જિલ્લાના બે પદાધિકારીઓ તાજેતરમાં માશૂકાઓને મળવા જતાં માર પડ્યાની વિગતો જગજાહેર થતાં રાજકીયપક્ષ અને કાર્યકરોમાં હલચલ મચી ગઈ છે. પાપ ઢાંકવા માટે રસ્તામાં એકાએક ભેંસ આડી આવી જતાં મોંઢા તથા શરીરના ભાગે ઈજા થયાનું બહાનું ઘરમાં જણાવી દીધું પરંતુ પરીવારજનોએ આંધળા વિશ્વાસમાં અકસ્માત થયો હોય તો કારને કેમ નુકસાન પહોંચ્યું નથી ? તે જાણવાનો પ્રયાસ કર્યો ન હોવાનું સંભળાઈ રહ્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લાના કેટલાંક ઈશ્ક મિજાજી પદાધિકારીઓએ પોતાને હોદ્દો મળ્યા પછી ખોટા માર્ગેથી લક્ષ્મી આવવાની શરૂઆત થતાં તેમની મતિ ભ્રષ્ટ થઈ છે. જાણકારો જણાવી રહ્યા છે કે જિલ્લાના બે પદાધિકારીઓએ એક જ ગામની બે માશૂકાઓને મળવાના અભરખા પોતાની ચેમ્બરમાં પુરા કર્યા પછી ગલગલીયાં વધવા લાગ્યા અને જિલ્લાના વડામથકથી ૬૫ કિમી દૂર આવેલી હોટલમાં મળવા માટેની તમામ તૈયારીઓ પૂરી કરી ગત તા.૩ માર્ચના રોજ સફેદ કલરની કારમાં પદાધિકારીઓ માશૂકાઓને રસ્તામાંથી બેસાડી પરપ્રાંતની સરહદ તરફ રવાના થયા પરંતુ પદાધિકારીઓ હોય એટલે વિરોધીઓનો તોટો ન હોય અને તે આ દૃશ્ય જોઈ જતાં મહિલાના ભાઈઓને તેની જાણકારી આપી સમસમી ગયેલા ભાઈઓ વીજળી વેગે વાહન ભાડે કરીને જિલ્લાની સરહદ ઓળંગી અન્ય વિસ્તારમાં પ્રવેશ્યા જ્યાં હોટલ આગળ કાર પાર્ક થયેલી જોયા પછી હોટલના રૂમ ચેક કરવાનો આગ્રહ રાખ્યો પરંતુ હોટલના રખોપાએ સદંતર ના પાડી દેતાં છેવટે પોલિસને બોલાવાની બીક આપી જેથી ગભરાયેલા હોટલ માલિકે રૂમ ચેક કરવા માટે છૂટ આપતાં પદાધિકારીઓ માશૂકાઓ સાથે કઢંગી હાલતમાં જોવા મળ્યા અને પછી હોટલના જ રૂમમાં માશૂકાઓના બંને ભાઈઓએ એટલી હદે પદાધિકારીઓની ધોલાઈ કરી જેમાં એક પદાધિકારીનો દાંત પણ તૂટી ગયો છે. બંનેને હોટલના કમ્પાઉન્ડમાં માર મારતા દેશ્યો સીસીટીવી કેમેરામાં કેદ થયા છે. માર પડ્યા પછી ઈજાગ્રસ્ત પદાધિકારીઓ ઘરે આવ્યા ત્યારે ઈજાનું કારણ રસ્તામાં ઢોર આડું ઉતરતાં અકસ્માત થયાનું જણાવ્યું પરંતુ ઘરના પરીવારમાં એવો કોઈ ચકોર સભ્ય નથી કે અકસ્માત થયો હોય તો ગાડીને નુકસાન કેમ થયું નથી ? લોકચર્ચા તો એવી છે કે માશૂકાઓ પૈકી એક માશૂકાના ઘરમાં ભડકો થતાં મામલો છૂટાછેડા સુધી પહોંચ્યો છે. આવનારા દિવસોમાં આ સમગ્ર મામલો ગાંધીનગર ખાતેના હાઈકમાન્ડ સુધી પહોંચી શકે છે.

રેડિયન્સ સ્કૂલ દ્વારા બાળકોને સ્વસ્થ તથા કુશળ સ્પર્ધા માટે એવોર્ડનું આયોજન

એવોર્ડ શિસ્તબદ્ધતામાં શ્રેષ્ઠ - પટેલ મો.અલી (એસેન્ટ)

બાયડ, તા. ૫

પુરસ્કારો અને પ્રશંસા એ વિદ્યાર્થીના જીવનની સિદ્ધિઓને યાદગાર બનાવી દે છે અને તેને હંમેશા નવા સોપાન સર કરવા માટે અદભુત શક્તિ અને ઉત્સાહ આપે છે. જે અંતર્ગત દરેક વર્ગના વિદ્યાર્થીઓનું શાળાના શિક્ષકો દ્વારા મૂલ્યાંકન કરવામાં આવ્યું અને વાલીના હસ્તે પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. એવોર્ડ શિસ્તબદ્ધતામાં શ્રેષ્ઠ (Most Disciplined student) માં પટેલ મો.અલી (એસેન્ટ) (**Std: 7** ના વિધાર્થી) ને વાલીના હસ્તે પુરસ્કાર આપતા માતા સબિનાબેન - પિતા - સલીમભાઈ પટેલ (એસેન્ટ) આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. બાળકોને સ્વસ્થ તથા કુશળ સ્પર્ધા માટે પ્રોત્સાહિત રહે તે આશય થી રેડિયન્સ સ્કૂલ દ્વારા આ એવોર્ડ નું આયોજન કરેલ હતું. આ કાર્યક્રમ માં સ્કૂલ ના પ્રમુખ ડૉ, ઈફ્તિખાર મલેક, સેક્રેટરી - અ.લતીફ શેઠ તથા આચાર્ય -ફઝલુરહીમ શેઠ અને સ્કૂલ ના તમામ શિક્ષક મિત્રો તથા સ્ટાફ મિત્રો ઉપસ્થિત રહી આ કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો.

હિંમતનગર કેળવણી મંડળ સંચાલિત લૉ કોલેજ, હિંમતનગરના 'વિમેન સેલ' તથા હિંમતનગર નગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે 'વિશ્વ મહિલા દિન' ની ઉજવણી તથા સખી મંડળ અંતર્ગત તાલીમ લીધેલ બહેનોનો સર્ટિફિકેટ વિતરણ કાર્યક્રમ તારીખ ૫.૩.૨૦૨૨, શનિવાર ના રોજ ઉજવવામાં આવેલ. જેમાં સમારંભના પ્રમુખ તરીકે કુ. કૌશલ્યાકુંવરબા વી. પરમાર, પ્રદેશ ઉપાધ્યક્ષ, ભાજપ દ્વારા મહિલા સશક્તિકરણ વિષય ઉપર મહિલાઓને માર્ગદર્શન આપેલ તથા મુખ્ય મહેમાન તરીકે શ્રીમતી યતિનીબેન વી. મોદી પ્રમુખ, હિંમતનગર નગરપાલિકા દ્વારા સ્ત્રીઓના શિક્ષણ તથા આરોગ્ય બાબતે ઉદબોદન આપેલ, જાનકીબેન રાવલ, કોર્પોરેટર હિંમતનગર નગરપાલિકા, તથા કુંનતલબેન ગોર ચેરમેન, એન યુ લમ,હિંમતનગર નગરપાલિકા દ્વાર વિવિધ મહિલા સંબંધી યોજનાની માહિતી આપી હતી. હિંમતનગર કેળવણી મંડળના પ્રમુખશ્રી નાથાભાઈ પટેલ સાહેબ ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવેલ. કાર્યક્રમની શરૂઆત કા. આચાર્ય ડો.બિનલ પટેલ દ્વારા સ્વાગત પ્રવચનથી કરવામાં આવ્યું હતું. આભાર વિધિ ડો. જયપ્રકાશ જાની દ્વારા કરવામાં આવેલી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો.પારસ જોશી દ્વારા કરવામાં આવેલ સ્ટાફ મિત્રો તથા વિદ્યાર્થીઓના સહયોગથી સમગ્ર કાર્યક્રમ સફળ રહ્યો હતો.